# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૦૮-૦૮-૨૦૨૫**

- **ગુજરાત યુનિવર્સિટીની ખુબજ કિંમતી ૧૦,૦૦૦ વાર ૫૦૦ કરોડની જમીન સરકાર નિયુક્ત સીન્ડીકેટ સભ્યની કલબને પધરાવી દેવામાં આવીઃ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ**
- **ગુજરાત યુનિવર્સિટી ને સરકાર નિયુક્ત આશિષ અમીનની સંસ્થા ઉપર એટલો બધો પ્રેમ આવ્યો કે ટેન્ડરની શરતોમાં બદલાવ લાવી દીધાઃ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ**
- **સરકાર નિયુક્ત સીન્ડીકેટ સભ્યની કલબ પાંચ લાખ થી પંદર લાખ સુધીની મેમ્બરશીપ ફી ઉઘરાવશેઃ ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ**
- **પૂર્વ સિન્ડિકેટ સભ્યો, સેનેટ સભ્યો, પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ સાથે મળી "ગુજરાત યુનિવર્સિટી બચાવો અભિયાન" શરૂ કરશે.**

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આચરાયેલા ૫૦૦ કરોડ થી વધુ નો ભ્રષ્ટાચારને ખુલ્લો પાડ્યો. ગુજરાત યુનિવર્સિટી દ્વારા સરકાર નિયુક્ત સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનની દ્રોણાચાર્ય રાઇફલ ક્લબ ને ૧૦૦૦૦ વાર જગ્યા ફાળવી દીધી. અમદાવાદના મધ્યમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીની ૫૦૦ કરોડની જમીન મફતમાં સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનની સંસ્થાને આપી દીધી છે. જે સંસ્થાના સંચાલક જમીન માંગે તેજ પોતે યુનિવર્સિટીમાં જમીન આપવાની કમિટીમાં બેસે તે વાડ જ ચીભડાં ગળી ગઈ નું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

ગુજરાત યુનિવર્સિટી ને સરકાર નિયુક્ત આશિષ અમીનની સંસ્થા ઉપર એટલો બધો પ્રેમ આવ્યો કે ટેન્ડરની શરતોમાં બદલાવ લાવી દીધા. આશિષ અમીનની સંસ્થાને આખેઆખું વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સિન્ડિકેટની સંસ્થાને અનુકૂળ પડે તેમ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાંધી આપશે, જે પહેલા સંસ્થા દ્વારા બાંધવાની શરત હતી. ટેન્ડરની શરત પ્રમાણે કોઈ પણ રાષ્ટ્રીય, અંતરરાષ્ટ્રીય શૈક્ષણિક, ટ્રેનિગ ઈવેન્ટ હોસ્ટ તરીકે સંસ્થા હોય તેમાં આવનારા પ્રતિનિધિ ની વૈભવી હોટેલ માં રહેવા, આલીશાન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા તેમના ખાણીપીણી ની વ્યવસ્થા સંસ્થાને કરવાની જોગવાઈ બદલી તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટી પોતે ઉઠાવશે જાણે કે યુનિવર્સિટી ના આંગણે લગન હોય. આ ક્લબમાં ખાણીપીણી સાથે અધ્યતન વ્યવસ્થા થી સજ્જ જિમનેશિયમ સહિતની વ્યવસ્થા ટેન્ડરની પૂર્વ શરત મુજબ ક્લબ દ્વારા કરવાની હતી તે શરત બદલી ને તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટીના માથે લઈ લીધો છે. વિજળી, હાઉસકીપીંગ (સાફસફાઈ), સિક્યોરિટી, પાણી, ડ્રેઇનેજ ની વ્યવસ્થા ક્લબ દ્વારા કરવાની શરત હતી તેને બદલી ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ ખર્ચ ને ચૂકવવા માં આવશે. ગુજરાત યુનિવર્સિટી ના કરોડો રૂપિયા ના ખર્ચે વૈભવી ક્લબનું સંચાલન થશે.

દ્રોણાચાર્ય ક્લબ દ્વારા અલગ અલગ ફીના ધોરણ નક્કી કરીને ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ પર મૂકી દેવામાં આવ્યા હતા તેની રજિસ્ટ્રારને પૂછતાં જવાબ આપવાની જગ્યા એ તે વિગતને વેબસાઇટ પર થી દૂર કરી દેવામાં આવી હતી. ક્લબ દ્વારા સામાન્ય વિદ્યાર્થી ને બિલકુલ પોષાય નહીં અને માત્ર માલેતુજાર માટે ની ક્લબ હોય તેવું તેના ક્લબ ફી સ્ટ્રક્ચર થી ફલિત થાય છે. લાઇફ મેમ્બરશિપના ૫૦૦૦૦૦, અન્ય ક્લબથી લાઇફટાઈમ ટ્રાન્સફરના ૩૦૦૦૦૦, ઓર્ડિનરી ઇન્સ્ટિટ્યુશનલ મેમ્બરશિપના ૭૫૦૦૦૦, લાઇફ ટાઈમ ઇન્સ્ટિટ્યૂશનલ મેમ્બરશિપના ૧૫૦૦૦૦૦, જ્યારે ૫૦૦૦ નોન રિફંડેબલ ફી ની જાહેરાત ક્લબ દ્વારા કરી દેવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીની જમીન નો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે ની જગ્યાએ માલેતુજાર ક્લબને આપી દેવામાં આવી છે.

જ્યારે કોમન એક્ટનો કાળો કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારે વારંવાર ચેતવણી આપવામાં આવી હતી કે લોકતાંત્રિક સત્તા દૂર કરી ને સરકારના મળતિયાઓ યુનિવર્સિટીઓ ની જમીન નો વેપલો કરશે, તે આજે સાચું પુરવાર થઈ રહ્યું છે. આગામી દિવસોમાં પૂર્વ સિન્ડિકેટ સભ્યો, સેનેટ સભ્યો, પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ સાથે મળી ગુજરાત યુનિવર્સિટી બચાવો અભિયાનની શરૂઆત કરીને આંદોલનને વેગ આપશે. ગુજરાત યુનિવર્સિટીની જમીન સરકારી સિન્ડિકેટ સભ્ય ને પધરાવી દેવામાં આવી છે તેની વિરૂદ્ધ માં કાર્યક્રમ અને રજૂઆત કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના શિક્ષકો, અધ્યાપકો, આચાર્યોને ગુજરાત યુનિવર્સિટી બચાવો અભિયાનમાં જોડાવવા માટે અપીલ. પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

| **ક્લબની મેમ્બરશીપ ફી** | **રકમ** |
|---|---|
| લાઈફ મેમ્બરશીપ | ૫,૦૦,૦૦૦ |
| લાઈફ મેમ્બરશીપ (ટ્રાન્સફર) | ૩,૦૦,૦૦૦ |
| ઓડીનરી ઈન્સ્ટીટ્યુશનલ મેમ્બરશીપ (ગ્રુપ) | ૭,૫૦,૦૦૦ |
| લાઈફ ઈન્સ્ટીટ્યુશનલ મેમ્બરશીપ (ગ્રુપ) | ૧૫,૦૦,૦૦૦ |
| નોન રીફંડેબલ | ૫,૦૦૦ |

| | **ટેન્ડરની પૂર્વ શરતો** | **ટેન્ડરની બદલાયેલી શરતો** |
|---|---|---|
| વિશ્વ કક્ષાનું સ્પોર્ટ કોમ્પ્લેક્ષનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડીઝાઈન | સંસ્થાને જેવી પરિસ્થિતિમાં હતું તેવી પરિસ્થિતિમાં આપવું. | વિશ્વ કક્ષાનું સ્પોર્ટ કોમ્પ્લેક્ષ કલબ કહેશે તેમ ગુજરાત યુનિવર્સિટી બનાવી આપશે. તેનો ખર્ચ પણ ગુજરાત યુનિવર્સિટી આપશે. |
| રાષ્ટ્રીય, અંતરરાષ્ટ્રીય શૈક્ષણિક, ટ્રેનિગ ઈવેન્ટ હોસ્ટ | પ્રતિનિધિ ની વૈભવી હોટેલ માં રહેવા, આલીશાન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા તેમના ખાણીપીણી ની વ્યવસ્થા સંસ્થાને કરવાની અને ખર્ચ સંસ્થાએ કરવાનો. | પ્રતિનિધિ ની વૈભવી હોટેલ માં રહેવા, આલીશાન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા તેમના ખાણીપીણી ની વ્યવસ્થા ગુજરાત યુનિવર્સિટીએ કરવાની અને ખર્ચ ગુજરાત યુનિવર્સિટીએ કરવાનો. |
| ક્લબમાં ખાણીપીણી સાથે અધ્યતન વ્યવસ્થા થી સજ્જ જિમનેશિયમ સહિતની વ્યવસ્થા | ખર્ચ અને વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે. | ખર્ચ અને વ્યવસ્થા ક્લબ માટે થઈને ગુજરાત યુનિવર્સિટી કરશે. |
| વિજળી, હાઉસકીપીંગ (સાફસફાઈ), સિક્યોરિટી, પાણી, ડ્રેઇનેજ ની વ્યવસ્થા | ખર્ચ અને વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે. | ખર્ચ અને વ્યવસ્થા ક્લબ માટે થઈને ગુજરાત યુનિવર્સિટી કરશે. |

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146